श्री श्वे स्थानकवासी जैन कोन्फरन्स

स्थापना—ई सन १९०६

कोन्फरन्स अधिवेशनोनी नोंध

	ई स	स्थळ	अधिवेशन प्रमुख
१	१९०६	मोरबी	रायशेठ चांदमलजी सा (अजमेर)
२	१९०८	रतलाम	शेठ केवलदास त्रिभुवनदास (अमदावाद
३	१९०९	अजमेर.	शेठ बालमुकुन्दजी मुथा (सतारा)
४	१९१०	जालंधर.	उमेदमलजी लोढा (अजमेर)
५	१९१३	सीकन्द्राबाद	„ लक्ष्मणदासजी मुल्तानमलजी (जलगाव
६	१९१५	मलकापुर	„ मेघजीभाई थोभण जे पी (मुम्बई
७	१९२६	मुम्बई.	भेरोंदानजी सेठीया (बीकानेर)
८	१९२७	बीकानेर.	वाडीलाल मोतीलाल शाह (घाटकोपर

कोन्फरन्सना चालु ट्रस्टीओ

१ शेठ वर्धमानजी पीतलीया रतलाम
२ भेरोंदानजी सेठीया बीकानेर
३ „ लाला गोकुलचंदजी नाहर दिल्ही
४ वीरचन्द भाई मेघजी मुम्बई
५ दुर्लभ जी त्रिभुवन झवेरी जैपुर
६ सांकलचन्दजी मुथा सतारा
७ वेलजी लखमशी नपु, मुम्बई

कोन्फरन्सना चालु आनरेरी सेक्रेटरीओ

१ लाला गोकुलचन्दजी नाहर, दिल्ही
२ शेठ लक्ष्मणदासजी मुल्तानमलजी जलगांव
३ वर्धमानजी पीतलीया रतलाम
४ „ लाला ज्वालाप्रसादजी महेन्द्रगढ
५ मोतीलालजी कोठेचा मलकापुर
६ भेरोंदानजी सेठीया बीकानेर
७ „ चमनलाल चीमनचंद शाह, मुम्बई
८ „ मोतीलालजी मुथा सतारा
९ „ वेलजी लखमशी नपु, मुम्बई

श्री

अखिल भारतवर्षीय

श्री श्वेताम्बर स्थानकवासी जैन

कॉन्फरन्स

नो

सत्तरमो अहेवाल

(सं. १९८२ थी सं. १९८८ सुधी)

॥ श्री वीतरागाय नमः ॥

प्राक्कथन

श्री श्वे. स्था जैन कॉन्फरन्सने मोरबी मुकामे स्थपायाने लगभग २७ वर्ष थवा आव्या छे। कॉन्फरन्सना आ जीवनमा समाजोन्नतिना जे जे शुभ कार्यो साधी शकाया छे अने कॉन्फरन्सने हस्ते बीजारोपण थया बाद पोषाय रहेल छे तेनो विचार करवानुं कार्य अमे समाजना विचार शील, विद्वान्, अने धर्मप्रेमी बन्धुओने सोंपीए छीए। अत्रे मात्र एटलुंज लखवुं उचित लागे छे के कॉन्फरन्स जेवी समाजमा सार्वदेशिक प्रगति तेमज प्राण पूरती जीवंत संस्थानी जरुरीयात माटे आजना आ प्रगति प्रेरक युगमा बेमत होइज न शके। शिष्ट समाज–जीवन घडतरमा पूर्णताने प्होंचेल वृद्धो, समजु अने सहकारी प्रौढवर्ग, चेतनवंता उछलता लोहिया नवयुवको, अने नवयुगने जन्मावनारी प्रेरक स्त्री शक्ति आ चारेनो समन्वय साधती कॉन्फरन्स ज जीवंत कॉन्फरन्सना बिरुदने प्राप्त करी शके। दुर्भाग्ये आपणी कॉन्फरन्सने आज सुधीमां अनेक तडका अने छायडा वेठवा पडेल छे, ते उपरात उपरोक्त चारेना समन्वय साधी जीवंत संस्था तरीके जीववाना कोड समाजनी कंईक

प्रगति प्रति बेदरकारी, क्लिष्टतापेक्ष शक्तिओ, वर्तमान युगमंदीनो प्रभाव तेमज कंइ साध्य श्रीमन्तनी जरुरीयातने लीधे पूर्ण न बनी शक्या होय ए संभव छे। छतां पण समाजना प्रत्येक वर्गनो एकठा करी कॉन्फरन्सने एक उपयोगी अने जीवंत संस्था बनाववानो हरेक धर्म हितैषी, समाज हितैषी अने प्रगति इच्छु जनो सौथी प्रथम फरज छे।

आज सुधी कॉन्फरन्से शुं कर्युं छे? आ प्रश्नना जवाबमां जणाव के अभिलाषाए प्रश्न पूछायेल छे तेओ संतोष न पाम्या छतां पण के कर्युं छे—समाजनो बेटका प्रमाणमां साथ मल्यो तेटला प्रमाणमां जरूर सभाजनी घणी सेवा करी छे। ए नि संकोच पणे कही शकाय। कॉन्फरन्स पहेलानी अने पछीनी स्थिति सरखावतां स्पष्ट प्रतीति थशे के पूरता साथ के साधनो विना पण जे कार्य थई शक्युं छे ते संतोष जनक थयुं छे। अने जो पूरतो साथ मल्यो होत तो संभव छे सर्वेनी अभिलाषा संतोषी शकात। आम छतां कॉन्फरन्सना उपयोगीपणा विषे हजी केटलाक माणसो शंका राखे छे। तेओ तरफथी एम दलील थाय छे कान्फरन्सना अंगे पैसा अने शक्तिनो व्यर्थ व्यय करवामां आवे छे फायदो कंइ नथी थतो। परंतु तेओने एटलुंज जणाववानुं के कॉन्फरन्स ए एकज साधन छे, जेनी द्वारा पजाबी, मारवाडी, मालवी, मेवाडी, गुजराती, कच्छी दक्षिणी माइओ वगेरे तेमज श्रीमन्तो अने विद्वानो यथेच्छ सामान्य सहकारिता कार्यमां एकठा मली विचार विनिमय करे छे जेथी भ्रातृभाव—स्वधर्मी भावनी लागणी वधे छे ए जेवो तेवो फायदो नथी। आ साधनद्वारा एकत्र थई उच्च विचारोनी आपले करी शकीए छीए। चतुर्विध संघना दर्शनथी आपणा मन प्रफुल्लित थई शके छे। भेगा मेसी, भेगा जमी, एक बीजाना रीति रिवाजो जाणी —ति निकटता सबन्धमा आवी शकीए छीए। ज्ञाति सुधारा, व्यवहारिक तेमज धार्मिक केळवणी अने संघ तेमज धर्म हितना कार्यो करी शकीए छीए।

लोकमत केळववानुं सौथी अगत्यनुं तेमज शीघ्र लाभप्रद साधन छे। भिन्न भिन्न शक्तिशालीओना एकत्र वळे कोई अपूर्व नवीनता जन्मावी शकीए छीए। आजसुधीना कॉन्फरन्सना जीवनथी ए तो तद्दन स्पष्ट छे के आपणा समाजमा व्यवहारिक अने धार्मिक उन्नति माटे खूब जागृति थयेली दृष्टिगोचर थाय छे। उत्तरे काश्मीरथी दक्षिणे कन्याकुमारी अने पूर्वमा कलकत्ता थी पश्चिमे कराची सुधीमा सर्वत्र आपणा स्वधर्मी वसे छे। तेमा केटलाक मोटा धनाढ्यो छे। आ बधा कोन्फरन्स द्वाराज एक बीजाना गाढा परिचयमा आव्या छे। एक बीजानी व्यवहारिक धार्मिक तेमज नैतिक छाप एक बीजा पर पडी छे। आ उपरात ऐक्य वळे कॉन्फरन्स द्वारा अरजीओ करता घणा राजा महाराजाओए दशेरा अने एवा बीजा तहेवारोमा थतो पशुवध सदंतर बन्ध करी करोडो मूक पशुओना आशीर्वाद मेळवी शकाया छे। घणा हानिकारक रिवाजो कॉन्फरन्सना सतत प्रयासे बन्ध थया छे अने रूढी पोषक खर्चोनो सदुपयोग करवानी प्रेरणा सर्वत्र जागृत करवामा आवी छे। आ उपरात चारे तीर्थमा सर्वत्र एकता वधारवा शुभ प्रवासो करवामा आव्या छे अने तेमा सर्वत्र सफळता स्पष्ट देखाय छे। अंतमा एटलुं जणाववुं बस थशे के स्थानकवासी संप्रदायमा दरेक वर्गमा प्राण रेडी, पोतपोताना कर्तव्योनुं भान करावी समाजने उन्नति पथ पर लइ जवानो कंई नानो सुनो लाभ नथी। अने तेमाटे जे पैसा अने शक्तिनो व्यय करवामा आव्यो छे ते सार्थक थयो छे।

दरेक शहेर अने गामना श्री संघो, तेमज समाजनी एकेएक व्यक्तिने विनंति छे के कॉन्फरन्सने मजबुत करवामा आपणुं श्रेय छे एम समजी भिन्न भिन्न दिशामां प्रयासो चालु राखशो तो आपणो समाज अन्य समाजो करता उच्च स्थिति प्राप्त करवाने शक्तिमान थशे। अहिं एकज प्रश्न छे के आ बधुं क्यारे शक्य बने? बधा—मोटा के नाना कोईपण कार्यमा कार्यकर्ता तेमज

पैसानी सौथी प्रथम आवश्यकता छे। आ अने आवश्यकताओनी पूर्ति अर्थे अनेक योजनाओ अत्यार सुधी विचाराई गई छे अने अमल्मां पण मूकवा प्रयत्न थयेला परंतु पूर्ण सफळता प्राप्त नथी मळी। कार्यकर्ताओनी आवश्यकता पूर्ति माटे बहुज विचार कर्या बाद छेवटे 'वीरसंघ' 'महावीर मीसम' वगेरे योजना घडी परंतु ते योजना कार्य रूपे न ज परिणमी। ए अने योजना उपर फरी विचारकरी तेने अमल्मां मूकी एक मोटी आवश्यकतानी पूर्ति करवा खास लक्ष आपवु जरुरी छे। बीजी आवश्यकता पैसानी छे। ते माटे पण पहेलेथ घणी योजना विचाराइ छे ते अहिं रजु करीए छीए। सौथी प्रथम अधिवेशन वखते फंडो थाय छे ते। ते योजना मात्र कार्य अनुसार समाज पासेथी अमुक प्रसंगे ज मळे छे। त्यारबाद कॉन्फरन्सना वंधारणना सभ्य के जेओ एकत्म वखते अमुक रकम आपी सभ्य बने छे। त्यारबाद वार्षिक रु १० आपी जनरल कमीटीना सभ्य बनवानुं छे। परंतु ते पण बहुज परिमित बनी गयुं छे कारण के वार्षिक रु १० ए सामान्य व्यक्तिओ माटे घणी मारे रकम गणाय एटले ए योजना पण व्यवहारु बनी न शकी। ए उपरांत एक सहायक मंडळ उभुं करवुं के जेओ पोत पोतानी इच्छानुसार दरवर्षे अमुक रकम कॉन्फरन्सने आपे ज। परंतु ए तो त्यारेज संभवी शके के ज्यारे कॉन्फरन्स अमताना हृदयमां घर करी छे। अने तेथी पता कार्यनी कदर समाज मुझी शके। त्यारबाद एके एक स्थानकवासीना घरदीठ रुपीआ फंड तेमज चार आना फंडनी योजना पण जो व्यवस्थित बनी शके तो बहुज लाभप्रद बनी शके। परंतु तेमां पण जनताने तेमज आखिल भारत वर्षमा सर्व गाम तथा शहेरोना श्री संघोनो साथ होवो जोईए। वार्षिक चार आना के रुपीओ ए कोईने पण मारी न ज पडे। परंतु ते दरेक गाममा व्यवस्थित संघो स्थपाई जाय, अने तेओ बीजी व्यवस्थानी साथे साथे आ पण फरजीयात दरवर्षे उघरावी कॉन्फरन्सने

मोकली आपे तोज थई शके अन्यथा पहेला एक बे वर्ष प्रयत्न करवा छतां निष्फलता मली अने ए योजना पडती मूकाई तेवुंज परिणाम आवे । चार आना के रुपिया फंडना अमुक नियम बनाववा जोइए अने जे एटलापण न आपी शके एम होय जेवाके अशक्त, अपंग, रोगी, विधवा वगेरेने बाद करी ए फंड उघराववानी व्यवस्था करवी अने ए अशक्त लोकोने पण उपयोगी थाय तेमज सर्व प्रांतोने तेनो लाभ मले तेवी योजना घडवी । ए फंडमाथी एवी योजना विचाराय के जेथी बीजा कोई लागा भले महाजन के संघने न दे पण आ रुपीया फंड के चार आना फंड तो जरूर दे । ज्या सुधी आवी जातनी उंडी छाप न पडे त्यासुधी आ फंड उघराववापा घणी मुश्केली पडे । आ फंड उघराववाथी सर्व श्री संघ पण व्यवस्थित बनी जशे अने साथे समाजनी मोटीमा मोटी आवश्यकता पूराशे । आ फंडमाथी प्रान्तिक गुरुकुलो बॉर्डिंग हुन्नरशालाओ, विधवाश्रमो, अनाथालयो वगेरेने जे जे प्रातमा होय ते ने प्रातमा ज नभाववानी व्यवस्था करवा उपरात दरवर्षे प्रान्टो आपवी तेमज बीजी एवी औद्योगिक संस्थाओ उभी करवी के जेमा जैनोज काम करे अने तेमा कार्यप्रमाणे पगार आपवा । आथी हुन्नर उद्योग अने जात महेनत वधशे । ए संस्थाओ पोताने निभाववा उपरात बीजी केटलीक संस्थाओने पण निभावशे मात्र ते बधी संस्थामा स्थापन (Establishment) माटे रोकाण (Investment) करवुं जोईए । आजना आ युगमा आवी संस्थाओ समाजने बहुज उपयोगी थई पडशे । उद्योगी जीवन साथे नवी नवी दिशाओ, नवा नवा हुन्नरो खीलशे । आजना शिक्षित समाज थी उद्योग—जातमहेनत प्रतिनो तिरस्कार तेमज बेदरकारी दूर थतान एक सुंदर युग स्थपाशे । आजनो शिक्षित वर्ग एटले मात्र नोकरी माटे फांफां मारतो अने स्वतंत्र धंधो तेमज उद्योगने अणस्पर्शतो वर्ग । ए

मुश्केली दूर थतांज समाजमां नवयुग आरंभाशे। आ बाबतमां पण योग्य विचार करी व्यवहारु योजनाओ घडी अमलमां मूकवा माटे भरसक प्रयत्न करवानी जरूर छे। अंतमां कॉन्फरन्सना उद्देशनी सिद्धि अने समाजमां पूर्ण जागृति थाओ एज अभ्यर्थना ॥

सात वर्षने अंते गाळे आ सत्रमो अहेवाल साथे रजु करीए छीए। मुंबईमां ऑफिस आव्या बाद जे जे कार्यो थया छे तेनी अति संक्षेपमां ज रूपरेखा दोरी छे। आम तुर्तनुं ऑफिसनुं काम एकज व्यक्तिने हाथे थयेल न होई घणी माहितीओ रही जवा पामी हशे, घणी त्रुटीओ रहेवा पामी हशे अने जेटलो जोइए तेटलो आ अहेवाल पूर्ण बनवा पण न पाम्यो होय तो ते माटे दरगुजर करशोजी। आ अहेवाल अजमेर अधिवेशन उपर ज तैयार करवानो होई उतावळे तैयार थवा पाम्यो छे अने वळी पण भाषा तेमज टाइप के शरत चूकथी बीजी पण भूल रहेवा पामी होय तो ते सर्व दरगुजर करशोजी।

अखिल भारतवर्षीय श्री. श्वे. स्थानकवासी जैन कॉन्फरन्सनो अहेवाल.

[सं. १९८२ थी संवत १९८८ सुधीनो]

मोरवी निवासी स्व सेठ अंबावीदास डोसाणीनी प्रेरणा अने उत्साहथी आ कोन्फरन्सनो जन्म थवा बाद कोन्फरन्स तरफथी समाज सुधारणा अने धर्मप्रचारनु कार्य थतु रह्युं हतु । अने तेना अधिवेशनो पण भराया हता । सीकंद्राबाद अधिवेशन पछी कोन्फरन्सनी प्रवृत्तिओमा शिथिलता आवी हती । अने परिणामे बार वर्षना लांबा गाळा दरमीयान अधिवेशन भरी शकायु नहोतुं । त्यारबाद मलकापुरमा सेठ मोतीलालजी सा मुथाना सतत परिश्रम अने उत्साहने लइने कोन्फरन्समा नवजीवननो संचार थयो हतो । अने तेना ठराव मुजब सने १९२५, सवत १९८१ ना भादरवा सुद ४ ना दिवसे कोन्फरन्स ऑफीस सताराथी मुम्बई आवी हती । ऑफीस सताराथी मुम्बई आवी ते वखते कोन्फरन्स पासे नीचे प्रमाणे फंडनी स्थिति हती ।

७,५००) मोरारजी गोकुलदास मिल्सनी रसीद ।
१०,०००) मदरास युनाइटेड मिल्सनी रसीद ।
१२,६३८)≡||| मुम्बई म्युनिसिपल लोन ।
२,७४१) मलकापुर अधिवेशनमा थयेला फंडमा त्या भरायेली रोकड रकम.

३२,८७९≡|||

त्यारबाद रीपोर्टवाळा सात वर्षो दरमीयान ऑफीस मुम्बईमांज रहेवा पामी छे अने ते वर्षो दरमीयान ऑफीस तरफथी थयेली प्रवृत्तिओनी संक्षिप्त अहेवाल आ नीचे सहर्ष रजू करीए छीए।

जैन प्रकाश—लोकमत जागृत करवा अने संस्थाना उद्देशनो प्रचार करवामां 'समाचार पत्र' ए आजना युगनुं सर्वोत्तम साधन गणाय छे। कोन्फरन्स तरफथी प्रगट थतुं "जैन प्रकाश" पत्र समाजमां जागृति लावनार एक सरस साधन अने प्रवृत्ति थई पडी हती। "प्रकाश" मुम्बईमां आवतांज तेनी गुजराती तेमज हिन्दी एम बे आवृत्तिओ प्रकट करवानी शरुआत थई हती अने मगुनारूपे तेमज बीजा योग्य मार्गोए समस्त समाजना खुणे खुणे तेनो प्रचार करवानुं कार्य हाथ धरवामां आव्युं हतुं।

कोन्फरन्सना त्यारना उत्साही रे० ज० सेक्रेटरी, सेठ सूरजमल लल्लुभाईए 'प्रकाश' नुं तंत्री पद आनरीज स्वीकारीने 'प्रकाश' द्वारा बोधक अने मननीय विचारोनो फेलावो करवानुं कार्य हाथमां लीधुं हतुं। निन्दात्मक लखाणो अने साधु समाजना कळही प्रश्नोने दूर राखवानी नीति तेओश्रीए अखत्यार करी हती। केटलाक महीनाओ बाद कार्यनो सविशेष बोजो थई पडवाने कारणे तेओश्रीए 'प्रकाश' नुं तंत्री पद त्यारना ऑफीस मेनेजर, श्री हमीरचंद आणंदजी कामदारने सोंप्युं। हतुं 'प्रकाश' नी ते वखते १५०० जेटली नकलोनो फेलावो थतो हतो। अने कोई कोई उत्साही गृहस्थो तरफथी पोताने खर्चे 'प्रकाश' विना मूल्य समाजमां पहोंचाडवा माटे मदद पण मळती रहेती हती। मुम्बई अधिवेशनथी बिकानेर अधिवेशन दरमीयानना समयमां कोन्फरन्सनी प्रवृत्तिओनो प्रचार 'प्रकाश' द्वारा खूब सधायो हतो। बिकानेर अधिवेशन पहेलांज 'प्रकाश' नुं तंत्रीपद श्री. त्रि० वी०

हेमाणीने सोंपायु हतु । अने ते वखते विकानेर अधिवेशनना प्रमुख अने प्रसिद्ध तत्वज्ञ स्व. श्रीयुत वाडीलाल मोतीलाल शाह 'प्रकाश'ना मुख्य लेखक हता । तेमनी लेखिनीना केटलाक सुदर लखाणोए 'प्रकाश' नो काया पलटो कर्यो हतो । विकानेर अधिवेशन पछी कोन्फरन्स अंगे केटलीक अनीच्छवा योग्य घटनाओ जन्मवाथी 'प्रकाश' अनियमित प्रगट थवा पाम्युं हतुं । त्यारबाद ऑफीस वगेरेनी नवेसरथी गोठवण थवाथी 'प्रकाश' नु तत्रीपद कोन्फरन्सना ते वखतना ऑफीस मेनेजर श्री डाह्यालाल मेहताने सोंपवामा आव्युं हतुं अने प्रकाश' नी हिन्दी गुजराती आवृति साथे राखीने एकज आवृत्ति प्रगट थवी शरु थई हती । त्यारथी ते आज सुधी 'प्रकाश' नु नियमित प्रकाशन चालु छे । विकानेर अधिवेशन बाद कोन्फरन्सना कार्यमा केटलीक अगवडो जन्मवाने परिणामे त्यार पछीनी कोन्फरन्सनी प्रवृत्तिओमा 'प्रकाश' ज कोन्फरन्सनी मुख्य प्रवृत्तिरूप बनी गयु हतुं । विकानेर अधिवेशन पछीना ए पाच वर्षो दरमीयान 'प्रकाश' मारफत 'एक सवत्सरी' अने 'साधु सम्मेलन' नी सफल प्रवृत्तिओनु सचालन थवा पाम्यु हतुं अने 'प्रकाश' नो 'एक सवत्सरी' खास अक ए आखीए सफल योजनाना पायारूप बन्यो हतो ए नि सन्देह छे । आ वर्षो दरमीयान प्रथम स्वातंत्र्य युद्ध देशभरमा शुरु थयुं हतुं अने ते टाकणे राष्ट्रीय जुस्सो घडनार लेखो प्रकाशमा प्रगट थवाने साथे ते कार्यना कीर्तिस्तम्भ जेवो प्रकाशनो 'खास राष्ट्रीय अंक' प्रसिद्ध करवामा आव्यो हतो । जेमा कशापण फिरका भेद विना जैनना त्रणे फिरकाओनी आगेवान व्यक्तिओना लेखो तेमज स्वातंत्र्य युद्धमा भाग लेनार खास खास जन भाई व्हेनोना चित्रो तेमज परिचयो विगेरे आपवामा आव्या हता ।

आ खास अङ्क जैन तेमज जैनेतरोनी मुक्तकण्ठनी प्रशंसा पाम्यो हतो अने जैन पत्रोना आज सुधीना विशेष अंकोमा अजोड अंक

तरीके पूरवार थयो हतो । ते उपरांत 'पर्युषण' अङ्को अने ट्रेनींग कोलेज खास अंक पण प्रसिध्ध करवामां आव्या हता । भावनगरथी प्रसिध्ध थता मूर्तिपूजक जैन कोमना 'धार्मिन्द्र' जैन पत्रमां दक्षिणमां विचरता स्था साधुओनी एकान्त निन्दा करती एक गंदी हाम्मोआ प्रकाशन पामी हती, ते विषे तेनो 'सवाद जवाब' 'प्रकाश' द्वारा आपवामां आव्यो हतो ते उपरांत ग्राहको अने शुभेच्छकोना अत्यंत आग्रहने वश थई वच्चे त्रण मास हिन्दी गुजराती जुदी जुदी आवृतिओ काढवानो प्रयास कर्यो हतो । परंतु आ रीते करवाथी हिन्दी तेमज गुज राती भाषानो अरसपरस मळतो भाषानो अभ्यास मन्द थवाथी फरी सर्वेनी मांग अनुसार हिन्दी गुजराती साथेज प्रगट करवामां आवे छे । त्यारबाद आफिस मेनेजर अने तंत्रीपदनुं राजीनामुं आपी मर्हुमश्री वल्लभ-दास म मेहता व्यापारिक प्रवृत्तिमां जोडामां ऑफीस मेनेजर तरीके अने प्रकाशना तंत्री तरीके आपणी ट्रेनींग कोलेजना विद्यार्थी भाई श्री हर्षचन्द्र कपूरचन्द दोशीनी नीमणुकां थयेल छे । समाज उपयोगी राष्ट्रविषयक, अने धार्मिक चर्चाना अनेक प्रश्नो 'प्रकाश' द्वारा चर्चाता रहे छे । अधिवेशन न भरवाने कारणे तेमज ग्राहक संख्या वधारवानी प्रान्तिक प्रचारनी प्रवृत्तिने अभावे प्रकाशनी ग्राहक संख्या आ वर्षो दरमीयान सहेज घटवा पामी हती । अने तेनो प्रचार ९०० थी १००० नकलो सुधी रहेवा पाम्यो हतो ।

श्री सुखदेव सहाय जैन प्रेस अने इन्दोर कोप खातानो हिसाब

अर्धमागधी कोषनुं अधुरुं कामकाज आगळ चलाववा माटे प्रेसने अजमेरथी इन्दोर लई जवा श्रीयुत सरदारमलजी भंडारी ने वारंवार लखवामां आव्युं हतुं । अने तेओ १९२६ ना डीसम्बर मासमां प्रेसने अजमेरथी इन्दोर लई आव्या हता त्यारथी कोषनुं छपावानुं कामकाज

तेमण आगल चलाव्यु हतु । इन्दोरमा तेमना हस्तक अर्धमागधी कोषनो
बीजो भाग तथा त्रीजा भागना ६१ फोर्म छपाया हता
ता. ३-४-५ एप्रील ना दिनोमा मुम्बईमा मलेली जनरल
कमीटिमा तेमना हस्तकना थयेला कामकाजनो अहेवाल तेमणे
रजू कर्यो हतो जे ऊपरथी ठरावबामां आव्युं हतुं के प्रेसनो कबजो
श्रीयुत् सरदारमलजी पासेथी लई लेवो । अने कोषनी छपाई इन्दोरमा
मोंघी पडती होवाने कारणे कोषनु बाकी रहेलुं कामकाज लींबडी श्री
जशवन्तसिंहजी प्रेसने छापवा मोकलवुं । आ मुजब श्रीयुत सरदार-
मलजी भंडारीने कोषनुं मूल मेटर लींबडी मोकलवा वारंवार सूचना
आपवामा आवी हती । परन्तु तेओ ते लींबडी न मोकली शक्या
होवाथी बिकानेर अधिवेशन पहेलाज ऑफीस मेनेजर श्री जवेरचंदभाईने
इन्दोर मोकलवामा आवनार हता । परन्तु श्री सरदारमलजीए नादुरस्त
तबीयत दर्शावी हमणा न आववानुं लखवाथी श्री जवेरचद भाईने इन्दोर
मोकलवानुं बंध राखवुं पडयुं हतु । बिकानेर अधिवेशन पछी पण श्री
सरदारमलजीने ते मेटर ऑफिसने सोंपवा तथा प्रेसनो कबजो आपवा
अंगे पत्रव्यवहारथी जणाववामा आव्यु हतु । ते तेमज ऑफिस मेनेजर
इन्दोर क्यारे आवे तो तेओ चार्ज आपी शकशे ते पण पुछवामा आव्यु
हतु । आखरे तेमनी सम्मति मळता ऑफीस मेनेजर श्री डाह्यालालने
१९२८ सप्टेम्बर महीनामा इन्दोर मोकलवामा आव्या हता । परन्तु श्री
सरदारमलजी बहार गाम चाली गयेल होवाथी निष्फल फेरो पडयो
हतो । त्यारबाद श्री भंडारी साथे फरी पत्रव्यवहार करी श्री डाह्यालालने
इन्दोर मोकलवामा आव्या हता । अने ता० १५-१२-२८ ने दिने
प्रेस तथा कोषनो तेमणे कबजो मेळव्यो हतो । परन्तु हिसाबनी चोख-
वट ते वखते थवा पामी नहोती अने प्रेसनी केटलीक चीजो
पण ओछी मळवा पामी हती तथा प्रेसना वजनदार यन्त्रो श्रीयुत्

मंदारीमी पासे रास्त्वामां आव्या हता। आ परिस्थिति उपर विचार करीने ता० २९–३० मून १९२९ ना दिवसे मुम्बईमां मळेली जनरल कमेटीए ठराव कर्यो हतो के प्रेसने इन्दोरमांज वेंची नाखवुं अने ऑफीसे श्री सरदारमलजी पासेथी हिसाब मेळवी लई तपासवो अने जे तफावत रहे ते संबंधी श्री शेठ वर्धमानजी पीतलिया तपासी ये छेवटनो निकाल करे ते प्रमाणे नोंध लेवी। प्रेसने इन्दोरमां वेंचवानी गोठवण करवानी तजवीज शुरु थई। तेवामां लाला ज्वालाप्रसादजी साहेब तरफथी तार तथा पत्र मळ्या पाम्या हता, जेमां लाला ज्वाला प्रसादजीए जणाव्युं हतुं के "प्रेसने वेंचशो नही, मारा पिताजीए फरी तेना वेचाणनी आशा राखी नहोती। ऑफीस न तथा शेठ वर्धमाणजीने आ प्रकारनो तार तथा पत्र मळवाथी प्रेस वेचवानुं कार्य मुल्तवी राखवामां आव्युं हतुं अने ते बाबत फरी जनरल कमीटीमां रजू करवानुं जनरल सेक्रेटरीओनी सलाहथी नक्की करवामां आव्युं हतुं। आ बाबत फरी ता २०–२१ दीसम्बर १९३० मा दिनेए मळेली जनरल कमीटीमां रजू करवामां आवी हती अने ते उपरथी ठराव करवामां आव्यो हतो के प्रेसना मशीन टाइप वगेरे जुना होवाथी तथा तेने इन्दोरमां चलाववानुं के मुम्बईमां लाववानुं सगवडता भर्युं न होवाथी प्रेस वेंची नाखवुं अने जे रकम उपजे ते श्री सुखदेव सहाय जैन प्रीन्टींग प्रेसना नामथी कोन्फरन्स ना चोपडामां जमा करवी। कोन्फ अने प्रेस ना हिसाबोनी चोखवट करो श्री वासुलालजी जैन ने इन्दोरमां मे, अढी मास रोकवामां आव्या हता, परन्तु तेनो निकाल न आववाथी तेनी संपूर्ण चोखवट करवा तेमज प्रेस वेंची नाखवा ऑफीस मेनेजर श्री टाइपालने, शेठ वर्धमानजी पीतलियाने इन्दोरमां देखरेखमाम रहेवानुं थता ते तफनो काम लईने इन्दोर मोकलवामां आव्या हता। अने इन्दोर सवा मास रोकाईने,

सेठ वर्धमानजी पीतलिया नी सलाह, देखरेख अने समति हेठल श्री. डाह्यालाले प्रेस वेंचवानुं तथा कोपना हिसाबोनी श्रीयुत् भंडारी पासे चोखवट करवानु कार्य कर्यु हतुं । प्रेस माटे खानगी ओफरो मेलववानी पूरती कोशीष करवा छता सतोषकारक ओफरो न आववाथी रु. १७२५) मा जाहेर लीलाम थी प्रेसने इन्दोरमा वेंची नाखवामा आव्युं हतु । अने प्रेस तथा कोपना हिसाबनी चोखवट करी ते प्रमाणे कॉन्फरन्सनी चोपडाओमा जमा उधार करवानी सेठ वर्धमानजी साहेबनी परवानगी मेलवी हती । आ बाबत सेठ वर्धमानजी नो ऑफीस ऊपर पत्र पण आव्यो हतो । सेठ वर्धमानजी साहेबे अत्यत परिश्रम अने प्रेमथी आ कार्य सरस रीते सफेली आपी कोन्फरन्सनी सेवा बजावी छे ।

जनरल कमीटीना सभासदोनी संख्या.

ऑफीस मुम्बई आवी ते वखते त्रणे प्रकारना मळी जनरल कमीटी ना ७७ जेटला सभासदो हता । आ संख्या वधता वधता मुम्बईमा ४८१ सुधी पहोंची हती । बिकानेर अधिवेशन पछी अधिवेशन न थवाने कारणे मुम्बई अधिवेशनमा जेमणे कोई पण फंडमा १० थी वधु रुपीया भर्या हता तेमने एक वर्षना जनरल कमीटीना सभासद गणवामा आव्या हता तेओ फरी सभ्य तरीके चालु रह्या न हता अने तेने परिणामे जनरल कमीटीना सभासदोनी संख्या देखीती रीते घटीने १३३ सुधी अत्यारे आवी छे ।

प्रान्तिक प्रचार कार्य

मलकापुर अधिवेशन मा भारतवर्षने २५ प्रान्तोमा विभक्त करी प्रत्येक प्रातमा प्रान्तिक सेक्रेटरी नीमवानुं ठराववामा आव्युं हतुं । आ प्रस्ताव अनुसार ९ प्रान्तना प्रान्तिक सेक्रेटरीओनी नीमणूक तो मलकापुर अधिवेशनमाज करवामा आवी

हती । अने बाकीना प्रान्तिक सेक्रेटरीओ नीमी प्रचारकार्य आगळ धपावबानुं ऑफिसने शिरे सोंपवामां आव्युं हतुं । तदनुसार ऑफिस तरफथी ते ते प्रान्तना आगेवानो साथे पत्र व्यवहार करवामां आव्या हतो अने प्रान्तिक सेक्रेटरीओ तरीकेना सुयोग्य नामो मेळवी तेओने प्रान्तिक मन्त्रीओ नीमवामां आव्या हता । जे प्रान्तोना प्रान्तिक सेक्रेटरीओ नीमी नथी शकाया ते प्रान्तो नीचे मुजब छे ।

(१) मध्यभारत, (२) बंगाल (३) निजाम

(४) कच्छ (५) माळवा

आ प्रान्तोना आगेवानो अने कार्यकर्ताओ साथे पत्र व्यवहार करवामां आव्यो हतो, परन्तु जवाबदारी स्वीकारनार व्यक्तिओ न मळवाथी प्रान्तिक मन्त्रीओ ते प्रान्तोना नीमी शकाया न होता मलकापुर अधिवेशनथी अने बिकानेर अधिवेशन सुधीमां प्रान्तिक मन्त्री महाशयो तरफथी जे जे प्रवृत्तिओ करवामां आवी छे तेना अहेवाल "जैन प्रकाश" ना ते ते वखतना अंकोमां प्रसिद्ध थता रह्या छे । आ अहेवालो वांचवाथी खबर पडशे के नीचे जणावेल प्रान्तिक सेक्रेटरीओए सारुं संतोष जनक प्रचार कार्य कर्युं हतुं अने तेओमांना केटलाक महाशयोए तो मुंबई अधिवेशन ना ठराव मुजब पगारदार क्लार्क राखी कई तेनी मारफत प्रचार, संगठन, वस्तीगणना आदिनुं पण बराबर काम लीधुं हतुं । अने कॉन्फरन्समा ठरावो ने कार्यरूप मां परिणत करवा उपरांत जनरल कमीटीना सभ्यो तेमज प्रकाशना ग्राहको वधारवामां अने रूपीया फंड वसुल करवामां पण पोतानो साथ आप्यो हतो । प्रान्तिक सेक्रेटरीओमां थी नीचेना मुख्य कार्यकर्ताओए उल्लेखनीय प्रयास सेव्यो हता

(१) श्रीयुत मगनमलजी कोचेटा मदुरान्तकम् (मद्रास प्रान्त) एमणे पोताने खर्चे मद्रास प्रान्त अने मारवाडमां महीनाओ सुधी प्रवास

करीने सामाजिक, धार्मिक सुधारनी प्रवृत्तिओ आदरी हती अने मद्रासनी दूरदूरनी जनतामा कोन्फरन्स प्रति रस, प्रेम, और उत्साह रेड्या हता। आ सिवाय आजीवन तथा वार्षिक मेम्बरो बनावीने पण सक्रिय साथ आप्यो हतो। तेओश्रीना आ कार्यमा मद्रास प्रान्तना बीजा प्रान्तिक सेक्रेटरी श्रीयुत् मोहनमळजी साहब चोरडीया तेमज मद्रासना अन्य आगेवान बंधुओए पण पुष्कळ साथ आप्यो हतो।

(२) श्रीयुत् चंदुलाल छगनलाल शाह अमदावाद (दक्षिण गुजरात) एमणे श्रीमान् मंगलदास जेशींगभाईनी सम्मति तथा सहकारथी पोताना प्रान्तमा प्रशंसनीय प्रचारकार्य कर्युं हतुं तथा भाई जीवनलाल छगनलाल संघवी जेवा उत्साही भाईने आसिस्टन्ट प्रा. सेक्रेटरी तरीके नीमीने आ प्रान्तना तमाम स्थानोर्ना वस्तीगणातुं कार्य सम्पूर्ण कर्युं हतुं। ते सिवाय रुपीया फंड वसूल करीने तेमज वार्षिक सभासदो बनावीने कोन्फरन्स नी सारी सेवा बजावी हती।

(३) श्रीयुत् छोटालाल हेमुभाई मेहता पालनपुर (उत्तर गुजरात) एमणे श्री. केशरीमल मळुकचंद ने आसिस्टन्ट प्रान्तिक सेक्रेटरी राखी ने तेनी मारफत वस्तीगणना, रुपीया फंड वसूल वगेरे कार्यो कराव्या हता।

(४) श्रीयुत् पुरुषोत्तम जेवरचंद पारेख—जूनागढ (सोरठ) एओश्रीए जाते प्रवास करीने तेमज प्रसंगोपात हेन्डबिलो वगेरे द्वारा प्रचार कार्य करीने आ प्रान्तने कोन्फरेन्सना कार्यमा रस लेतो कर्यो हतो। वस्तीगणनानु कार्य पूर्ण कराव्युं हतुं अने रुपीया फंड वसूल तथा वार्षिक सभ्यो बनावीने घणी सेवा करी हती।

(५) श्रीयुत् जीवण धनजी सरैया भावनगर गोहिलवाडना आ समाज प्रेमी कार्यकर्ताए पत्रिकाओ तथा खुदना प्रवासथी प्रचार

कार्य कर्युं हतुं। अने रुपीया फंड वसूल करवानी साथे 'प्रकाश' नां ग्राहक बनाववामां पण सारी मदद करी हती।

(६) श्रीयुत् जाम्बजी मगनलाल वकील (वढवान केम्प) झालावाडना प्रान्तिक सेक्रेटरी तरीके तेओश्रीनी टुंक मुद्त पहेलांज नीमणूंक करवामां आवी हती, परन्तु थोडा वखतमां तेओश्रीए पुष्कळ प्रचार कार्य कर्युं हतुं अने वगशपूर्वकनी जागृति आणी हती।

(७) श्रीयुत् मोहनलाल हरकचंद शाह (आकोला) मूळ-निवासी काठीयावाडना परन्तु व्यापारार्थे आकोलामां जइ वसेल आ उत्साही बंधुए प्रसंगोपात्त वीरार प्रान्तमां प्रवास करीने जागृति आणी हती। कोई सुयोग्य आसिस्टन्ट नहीं मळवाने कारणे वस्तीगणनानुं कार्य करी शकायुं न होतुं।

(८) श्रीयुत् सेठ वाघवसिंहजी जैन, आग्रा यु पी प्रान्तना सुशिक्षित, धर्मप्रेमी अने राष्ट्रसेवक आगेवान प्रान्तिक सेक्रेटरी तरीके स्तुत्य अनुकरणीय परिश्रम उठाव्यो हतो। एक पगारदार आसिस्टेन्ट राखीने यु पी ना उत्तर विभागमां ६० जेटला गामोनी वस्तीगणना कराबी हती। अने रुपीया फंड वसूल करायुं हतुं। तेमज आसि-स्टन्टनी साथे प्रवास करीने प्रान्तिक कोन्फरन्स संगठित करवा माटे तथा आग्रामां एक बोर्डिंग हाउसनी स्थापना करवा माटे तेमणे पण परिश्रम उठाव्यो हतो।

( ) श्रीयुत आनन्दराजजी सुराणा (जोधपुर) मारवाड प्रान्तना आ प्रान्तिक सेक्रेटरी महाशय श्री विजयमलजी कुंभटना साथे [illegible] आ प्रान्तना गामोमां वस्तीगणना करावी हती। तदुपरान्त [illegible] ओफिसनी [illegible] थयेल पहेला कोन्फरन्स ओफीस तरफथी [illegible] [illegible] प्रचारकार्य करवामां तेओश्रीए

खूब सहायता आपी हती । अने रुपीया फंड मम्बर वगेरे सारी सख्यामा बनावी आप्या हता । अने ते प्रान्तमा खूब जागृति आणी हती ।

आ प्रान्तिक सेक्रेटरी महाशयो उपरात श्रीयुत् कुन्दनमलजी फीरोदिया (पूर्व दक्षिण महाराष्ट्र) श्रीयुत् मोतीलालजी साहब मुथा (प. द. महाराष्ट्र) श्रीयुत् राजमलजी ललवानी, श्री रतनचंदजी दोलतचंदजी (खानदेश) श्री. सिरेमलजी लालचंदजी मुथा (गुलेदगढ) कर्नाटक, श्री शान्तिलाल लखमीचद (बर्मा, रंगून), श्री. रतनलालजी मेहेता (मेवाड), श्री. मुन्नीलालजी सकलेचा तथा श्री. केशरीमलजी चोरडीया (राजपूताना दे. रा.), श्री दर्लाचद सोभाचद शाह [सिंध] वगेरे महाशयोए पण प्रान्तिक सेक्रेटरीओ तरीके प्रचार कार्यमा खूब सहायता आपी हती । सुयोग्य आसिस्टेन्ट न मळवाने कारणे वस्ती-गणना अदिनु कार्य कराववु बाकी रहेवा पाम्युं हतु । पजाब, सी. पी राजपूताना (श्री. रा.) वगेरे प्रान्तोनी कंइ पण उल्लेख-नीय प्रवृत्तिओना खबर मळी शक्या नथी ।

श्रीयुत् जगजीवन दयाल एमणे मुंबई प्रान्तना सेक्रेटरी तरीके श्री. चंदुलाल बृजलाल नामना एक युवकने पगारदार आसिस्टेन्ट तरीके राखी, मुम्बई तथा आजुबाजुना गामोमा वस्ती-गणना तेमज रूपीया फंड वसूलनुं कार्य कराव्युं हतु । मुम्बईना स्वधर्मी स्वयसेवक बधुओए श्री. अंबालाल तलकचंद शाह अने श्री गिरधरलाल दामोदरदास दफतरीए आ कार्यमा सुंदर सहकार आप्यो हतो ।

बिकानेर अधिवेशन पछी प्रान्तिक प्रचारना कार्यमा शिथिलता आवी हती । अने त्यारपछीना वर्षोमा ते प्रवृत्ति नामशेष रही-

जमा पामी हती। आ दिशामां पुन प्रवृत्ति शुरु करवामां आवे अने प्रान्तिक सेक्रेटरी महाशयो ते कार्य उपाडी ले ए खूबज जरूरनुं छे।

नियमावलि

कोन्फरेन्सना धाराधोरणमां सुधारा वधारा करवा माटे एक कमीटी बिकानेर अधिवेशनमां नीमवामां आवी हती एवी सत्ता साथे के ते कमीटीए पसंद करेला सुधारा वधारा जनरल कमीटीना सभ्योने मोकली तेमनी सलाह पूछवा बाद कमीटीने योग्य लागे तेवो निर्णय पोते करी ले अने ते मुजब नवेसरथी धाराधोरण छपावी बहार पाडे। ओफीस तरफथी कमीटीना सभ्योने कोन्फरेन्सनी अमदावाद तथा मुम्बईनी नियमावलिओ मोकलवामां आवी हती। परन्तु कमीटी मळी न शकवाने कारणे धाराधोरण नक्की थई शक्या न होता। आ परिस्थिति ता २९ ३० मे १९२९ ना दिवसोए मुम्बईमां मळेली जनरल कमीटी समक्ष रजू करवामां आवी हती। ते मुजब ठरावमां आव्युं हतुं के मुम्बई अने अमदावादनी बन्ने नियमावलीओ शेठ वर्धमानजी पीतलियाने मोकली अने तेओ तरफथी जे सुधारा वधारा वाळो खरडो सूचवाय ते शेठ कुन्दनमलजी फिरोदियाने मोकली आपवो। तदनुसार सेठ वर्धमानजी सहित सूचवेलो खरडो सेठ कुन्दनमलजी फिरोदिया B A LL B ने मोकली आपवामां आव्यो हतो। अने तेओ बन्नेनी सूचनाओ साथनो खरडो नियमावली कमीटीना सभ्योने मोकलवामां आव्यो हतो। कमीटीना सभ्यो तरफथी जे सुधारा वधारा सूचववामां आव्या हता ते उपरथी आखरी निर्णय करी छेवटे ओफीसे नियमावलीनो खरडो जनरल कमीटीना सभ्योने पाछो मोकली आप्यो हतो जनरल

कमीटीना सभ्योनी सम्मति मळवाथी त्यारबाद ओफीसे आ खरडो कोन्फरेन्सनी नियमावली तरीके प्रसिद्ध करी दीधो हतो।

अर्धमागधी.

इंदोरथी कोपना मेटरनो चार्ज मल्या पछी, कोपनुं मेटर लींबडी प्रेसने मोकलवामा आव्युं हतुं अने कोपना त्रीजा भागना बाकी रहेला फर्मीओ त्या छपावी ता. १५-८-३० ना दिने त्रीजो भाग प्रसिद्ध करवामा आव्यो हतो। त्यार बाद चोथो भाग पण प्रेसमा छापवा आपी देवामा आव्यो हतो। चारे भागनु शुद्धि पत्रक आ चोथा भाग साथे सामेल करवानुं होईने ते तैयार करी छपाववामाज सहेज मोडुं थयुं हतुं। जनरल कमीटीना ठराव अनुसार कोपना त्रणे भागनी नकलो हिन्दुस्ताननी १९ युनीवर्सीटीओने भेट तरीके मोकलवामा आवेल छे। अने स्वीकारना तेमज प्रशंसाना तेओ तरफथी प्रत्युत्तरो पण मलवा पाम्या छे।

भाग चोथो ता. १-६-३२ ने रोज प्रसिद्ध करवामा आव्यो हतो। रही गयेला प्राकृत शब्दो तेमज दैशिक प्राकृत १०००० शब्दोनो पण संग्रह करवामा आव्यो छे अने तेने अर्धमागधी कोपना पाचमा भाग तरीके प्रसिद्ध करी पडतर किंमते वेचवामा आवशे। श्री अर्धमागधी कोपनु कार्य आरीते पंदर वर्षे पूर्ण थयुं छे अने कोपनी पूर्ति रूपे भाग ५ मो तैयार थये साहित्यमा एक अजोड कृति बनी चिरस्मरणीय बनी रहेशे।

श्री जैन शिक्षण सुधारणा परिषद्.

मलकापुर अधिवेशनमा जैन पाठशाळाओनी परिक्षा लेवामाटे तेमज सामान्य देखरेख राखवा सारुं एक इन्सपेक्टर राखी लेवानी

कोन्फरेंस ओफीसने सत्ता आपवामां आवी हती। तदनुसार ओफीस तरफथी इन्स्पेक्टर मेळववा माटे 'प्रकाश' तेमज अन्य जाहेरपत्रोमां जाहेर खबर छपाववामां आवी हती। परन्तु धर्मानुरागी योग्य इन्स्पेक्टर न मळवाथी ओफीस मेनेजर श्री जोरावरमल जी कामदारने थोडा समय माटे सौथी प्रथम गुजरात काठीयावाड ना प्रवासे मोकलवामां आव्या हता। तेमणे काठियावाडमां प्रवास करीने जैन पाठशाळाओनी परीक्षा लेवानी साथे साथे तेमना संगठन, एकज सामान्य पाठयक्रम, तेमज उत्तम प्रकारनां पाठ्य पुस्तको तैयार करवानी योजना, अध्यापक परीक्षा द्वारा शिक्षक तैयार करवा, वगेरे उद्देशथी राजकोटमां "जैन शिक्षण सुधारणा परिषद" भरवानुं आंदोलन शुरु कर्युं। अने राजकोटना श्री संघे खूबज उत्साह अने उदारताथी पोताने त्यां परिषद भरवानुं स्वीकार्युं। परिणामे संवत १९९२ नां चैत्र सुद १३,१४,१५ मा दिवसो ए वढवाण निवासी श्रीमान् फूलचंदभाई नागरदास शाह, एम ए ना प्रमुखपणा हेठळ राजकोटमां परिषदनुं प्रथम अधिवेशन भरायुं जेमां गुजरात, कच्छ, काठीयावाडनी लगभग तमाम पाठ शाळाओना प्रतिनिधिओ, नेताओ, तेमज शिक्षकोनी मोटी उपस्थिति थई। आ प्रसंगे कोन्फरन्सना रे० ज० सेक्रेटरी शेठ सुरजमल लल्लुभाई पण राजकोटमां पधार्या हता। आ परिषदे घणा उपयोगी ठरावो पसार कर्यां। जैन सीरीज प्रतियोगितानी जैन शिक्षण परीक्षा, अध्यापक परीक्षा वगेरेने माटे सरस प्रबन्ध कर्यो अने सर्व पाठशाळाओ माटे एक खास सामान्य पाठयक्रम बनाव्यो। अने आ कार्य चालु रहे ते निमित्ते जैन ज्ञान प्रचारक मंडल" कायम कर्युं। तेमज जुदा जुदा विभागोमाटे योग्य सज्जनोनी नियुक्तिओ करी। मण्डळना मन्त्री तरीके त देशना अनुभवी अने कार्यकुशळ श्रीयुत् पुनमचंद नागजी

बोराने नीमवामा आव्या । आ मण्डेलनी एक बेठक बीकानेरमा मली हती । कोन्फरेन्सनी जनरल कमीटीए आ कार्यनी उत्तमता जोइने प्रथम रु. ७५०) अने बीजी वार रु. १२००) मलीने कुल रु. १९५०] नी आ मण्डलने मदद करी हती । आ मण्डल तरफथी अध्यापक परीक्षा लेवाने माटे नियम वगेरेपण प्रगट थया हता । तेमज अन्य धार्मिक शिक्षण विषे प्रबंध थई रह्यो छे । आ परिषदे गुजरात, काठीयावाडना धार्मिक शिक्षण प्रचारना क्षेत्रमा खूबज उपयोगी कार्य बनाव्यु हतुं ।

हितेच्छु मण्डल अने हिन्दी धार्मिक शिक्षण विभाग.

आवीज रीते हिन्दी धार्मिक शिक्षण शालाओनुं एक बद्ध तेमज सर्वमान्य सामान्य कोर्स बधी शालाओमा कायम करवानी जरूरत कोन्फ-रेन्सने लाग्या करती हती । अने ते माटे जनरल कमीटीए तेवुं कार्य उपाडी लेनाराओने रु. ७५०] नी मदद करवा मंजूरी पण आपी हती परंतु ते दिशामा केटलोक वखत कशो खास प्रयत्न करी शकायो नहीं । आखिर पूज्यश्री हुक्मीचन्द्रजी महाराजनी सम्प्रदायना हितेच्छु मण्डल तरफथी धार्मिक संस्थाओ माटे एक कोर्स नक्की करवामा आव्यो अने परीक्षाओ आदि सुयोग्य प्रकारे लेवानो प्रबंध करवामा आव्यो आम आ दिशानी उणप हितेच्छु मण्डल दूर करी अने अत्यन्त स्तुत्य एवी प्रवृत्ति उपाडी लीधी । जेमना सरस कार्यथी खूबज संतोष अने उत्तमता अनुभवीने कोन्फरेन्सनी जनरल कमीटीए प्रथम १००) अने बीजीवार २५०) नी हितेच्छु मण्डलने मदद करी छे ।

मुम्बई बोर्डिंगनी सीलक तथा हिसाब

मुम्बईमां कोन्फरेन्स तरफथी जे बोर्डिंग चालती हती तेना हिसाब सीलक, फर्नीचर वगेरे ते संस्थाना प्रमुख अने मन्त्रीओ साथे पत्रव्यवहार करी ओफिसे संभाळी लेवो, एवो प्रस्ताव मुम्बईमां स १९८२ नी सालमां मळेली जनरल कमीटीमां पसार थयो हतो। आ ठराव अनुसार ओफीस तरफथी पत्रव्यवहार करवामां आव्यो हतो। तेज प्रमाणे अमदावाद कमीटीना ठराव अनुसार बोर्डींग बील्डींग फंडना रुपीया के जे ते समयना सेक्रेटरी सेठ हीराचंद बनेचंद देशाईने त्यां जमा हता ते विषे तेओश्री साथ पण पत्र व्यवहार करवामां आव्या हता, परन्तु तेओ तरफथी एवी मतलबना जवाब मळ्या हता के —

"अमारी पासे ते वखतना कागळ पत्रो नथी, परन्तु ओफिसमां जो कंई साधन होय तो बतावशो, तेथी ते ऊपर विचार करवामां आवे"

आ संबंधमां ए वस्तु तो स्पष्ट हती के आ रकमोनी वसूलात परभारी थयल होवाने कारणे ओफिसना रेकोर्डमां तेनो उल्लेख होवो संभवित नहीं। अने बोर्डिंगनु रेकोर्ड ओफिसना हस्तक हतुंज नहीं के ओफिस ते अंगे कशुं पण साधन बतावी शके।

पंजाब प्रान्तिक कोन्फरन्स अधिवेशन

श्री स्थानकवासी जैन पंजाब प्रान्तिक कोन्फरन्सनु अधिवेशन बाबु परमानन्द जैन, B A LL B ना प्रमुखपणा हठळ १० ना डिसेम्बर मासमां अम्बालामां भरावा पाम्यु हतुं। ते प्रसंगे आमंत्रण मळता श्री हंसराजजी कोन्फरन्सने हाजरी आपवा ओफीस तरफथी मोकलवामां आव्या हता अने कोन्फरन्स तरफनो सन्देश मुनि मयक मेलमा नमनी द्वारा पाठवामां आव्यो हतो।

वीर संघ.

मुम्बई अधिवेशनमा स्वार्थत्यागी सज्जनोथी बनेला एक वीरसंघनी स्थापना करवानो ठराव करवामा आव्यो हतो । अने वीर संघनी योजना तेमज तेना सभ्योनी योग्यता वगेरे सबंधमा निर्णय करी एक खरडो तैयार करवा सात गृहस्थोनी कमीटी पण नीमवामा आवी हती । कमीटीना सभ्योए विचार विनिमय करी एक योजना तैयार करी हती अने ' ' द्वारा जाहेरात आपवामा आवी हती अने वीर संघना सभ्यो मेळववा प्रयत्न पण थयो हतो । परन्तु तेवा उमेदवारो न मळवाथी कार्यरूपमा आ योजना त्यारे सफल थई शकी नही । त्यारबाद दिल्लीमा मळेली कोन्फरन्सनी छेल्ली कमीटीमा पण्डित श्रीकृष्णचन्द्रजीए त्यागी वर्गनी एक योजना रजू करी हती, जे 'प्रकाश'मा प्रगट करवामा आवी छे अने ते ऊपर चर्चा करवा तेमज पोताना अभिप्राय प्रदर्शित करवा जाहेर विनान्ति पण करवामा आवी छे । समाजना तेमज धर्मना उद्धार अने प्रचार माटे आवा एक संघ के वर्गनी अनिवार्य आवश्यकता छे अने लायक उमेदवार जोडाईने आवी योजनाने अमलमा मुके ए खूब जरूरनुं छे ।

जैन ट्रेनिंग कोलेज.

मलकापुर अधिवेशनना ठराव मुजब ट्रेनिंग कोलेज बिकानेरमा शुरु करवामा आवी हती अने तेनो संपूर्ण अहेवाल आ साथे परिशिष्ट मा सामेल करवामा आव्यो छे, ते ऊपरथी आ संस्थानो जन्म, तेनी अने वर्तमान संजोगानुसार सुप्रवृत्तिनो परिचय थवा पामशे ।

पूना बोर्डिंग.

आ बोर्डिंग हाउस मुंबई अधिवेशनना ठराव मुजब शुरु करवामा आव्यु हतु अने तेनो लाभ लेवाई रह्यो छे । बोर्डिंगनो ता० १९३२ ना

एप्रील महीना सुधीनो अहेवाल आ साथे परिशिष्टमां सामेल करवामां आव्यो छे ।

स्वधर्मी सहायक फंड

मुंबई अधिवेशनमां आ नामनुं एक नवुं फंड शुरु करवामां आव्युं अने तेमां रु १५८०। जमा थया हता। आ फंडमांथी धंधेरोजगार करवा माटे स्थानकवासी जैन भाइओने लोन आपवानी सगवड करवामां आवी हती। ते मुजब वखतो वखत स्वधर्मी बंधुओने मदद करवामां आवी छे। आ फंडमांथी लोन लेवा इच्छनारनी अरजीओ मंजुर करवा माटे पांच गृहस्थोनी एक कमीटी नीमवामां आवी हती, जेमनी भलामणथी अर्जी करनार व्यक्तिओने लोन आपवामां आवी छे। कमीटीमां सभ्यो तरीके नीचेना गृहस्थोए कार्य बजाव्युं छे।

(१) शेठ जगजीवन उजमशी तलसाणीया
(२) शेठ अमृतलाल रायचंद झवेरी
(३) शेठ चीमनलाल पोपटलाल शाह
(४) शेठ रतीलाल मोतीचंद महेता
(५) शेठ जेठालाल रामजी महेता

श्राविकाश्रम

मुंबईमां एक श्राविकाश्रम स्थापन निमित्ते ठराव मुंबई अधिवेशनमां करवामां आव्यो हतो। अने ते अंगेनी देखरेख तेमज व्यवस्थानुं कार्य श्रीमती केशर बहेन अमृतलाल झवेरीने सोंपवामां आव्युं हतुं। परन्तु त्यां सुधी आश्रममां रहेनार श्राविका बहेनो पूरती संख्यामां न मळे त्यां-सुधी श्रीमती रतन बहेन रुस्तमपुरवेन आदि श्राविकाश्रम (तारदेव, मुंबई) मां स्वधर्मी बहेनो माटे खावा, पीवा, रहेवा तेमज अभ्यास वगेरेनी अनुकूल व्यवस्था करी आपवामां आवी छे। आ गोठवणथी स्वधर्मी बहेनो

सारी संख्यामा लाभ ले ते माटे वर्तमान पत्रोमा जाहेर खबर आपीने तेमज हेण्डबिलो छपावीने जूदा जूदा गामोमा वहेंचावी सारो प्रयास करवामा आव्यो हतो। तेम छता आवी सस्थाओनो लाभ लेवानो अभ्यास न होवाने कारणे वहेनो सस्थामा जोडाता संकोच पामे छे। परिणामे ऊपरनी गोठवणनो थोडी बहेनोथी लाभ लेवायो छे।

प्रचारकोनो प्रवास·

मुम्बई अधिवेशनमा एवो ठराव करवामा आव्यो हतो के कोन्फरन्सनु प्रचार कार्य करवा प्रान्तप्रान्तमा वैतानिक उपदेशको राखवामा आवे। आ ठराव अनुसार थोडा प्रान्तना मन्त्रिओए पगारदार प्रचारको राखी तेमनी द्वारा कोन्फरन्स विषे प्रचार कार्य कराव्यु। बाकीना घणा प्रान्तो माटे योग्य उपदेशको न मलवाथी ते ते प्रान्तोना मन्त्रीओए कोन्फरन्स पासे उपदेशको मोकलवानी मागणी करी। आ ऊपरथी कोन्फरन्स ओफीसे विचार करीने ओफीस स्टाफमा नवा नवा वधु माणसोनी भरती करी, एवा आशयथी के तेमने योग्य माहिति तेमज अनुभव आपी तैयार करवा अने प्रान्तिक प्रचार माटे जूदा जूदा प्रान्तिक मन्त्रिओना हाथ नीचे प्रचार कार्य कराव्यु। सौथी प्रथम, ओफीस मेनेजर श्री. झवेरचंद भाईने मद्रास, मारवाड, वगेरे प्रान्तोमा भ्रमण करवा मोकल्या हता। त्यारबाद बाबू सुरेन्द्रनाथजी जैनने मारवाड प्रान्तमा, श्री वेलजी देवराज शाहने कच्छमा अने श्री रतीलाल जगन्नाथ सघाणीने काठीयावाडमा प्रवासे मोकल्या हता। अने तेओ द्वारा प्रचार कार्य बीकानेर अधिवेशन पहेला करावबामा आव्यु हतुं।

सादडीनो प्रश्न

सादडीमां वसता आपणा स्वधर्मी बन्धुओ प्रत्ये त्यांना श्री मूर्तिपूजक भाईओ तरफथी जे अन्यायी वर्तन चलाववामां आवे छे, ते माटे मुम्बाई अधिवेशनमां एक ठराव करवामां आव्यो हतो। आ ठराव श्री मूर्तिपूजक कोन्फरन्स उपर मोकली आपवामां आव्यो हतो अने तेनी साथे वस्तुस्थितिनुं वर्णन करता एक लांबो पत्र पण मोकलवामां आव्यो हतो जेना जवाबमां सहयोगी कोन्फरन्से जणाव्युं हतुं के "आ प्रस्ताव अमारी स्टेन्डिंग कमीटीनी बेठकमां रजू करीशुं, अने पछी आपने ते विषे जणावीशुं" केटला महीनाओ सुधी तेओ तरफथी आ बाबतना कशा जवाब न मळवाथी फरी पत्र लखी याद अपावी हती जेनी पहोंच मळी हती अने प्रत्युत्तर माटे राह देखवानुं सूचन थयुं हतुं। त्यारबाद पण ते विषे तओ तरफथी कशी प्रवृत्ति थयानुं जणाववामां आव्युं नथी तेमज प्रत्युत्तर पण मळवा पाम्यो नहि। त्यारपछी सहयोगी कोन्फरन्सना जुन्नेर अधिवेशन वखते ओनररी मनेजर श्री डाह्या-भाईने जुन्नेर मोकलवामां आव्या हता अने अधिवेशनना प्रमुख शेठ रवजी सोजपालने सादडी प्रश्ननी विगतो आपी। आ विषे चर्चा करवा आग्रह करवामां आव्यो हतो। परन्तु तेनुं परिणाम पण शून्यमांज आव्युं हतुं।

सादडी प्रश्न अंगे बीजुं रचनात्मक कार्य ए हतुं के मारवाड, मेवाड, तथा माळवामां स्थानकवासी भाईओने, सादडीना स्वधर्म रक्षा अर्थे मुशकेलीमां मुकायेला भाइयो साथे छूटथी कन्या व्यव हार करवानी उत्तेजना आपवी। आ कार्यनी अमल थाय ते हेतुथी श्री हरेरचन्द कामदारने मारवाड मोकलवामां आव्या हता आ प्रसंगे

पण्डित मुनिश्री चोथमलजी महाराज त्या बिराजमान हता । अने तेओ श्री पासे बे दीक्षाओ लेवानी हती । आ कारणने लईने मेवाड, मारवाडना सेंकडो बन्धुओनी त्या उपस्थिति थवा पामी हती । आ बधा बन्धुओनी हाजरीमा सादडी प्रश्न रजू करवामा आव्यो। अने प्रसिद्धवक्ता मुनिश्री चोथमलजी महाराज साहेबे सुन्दर रीते तेनु समर्थन करी ते तरफ सौनुं ध्यान खेंचवानो सफळ प्रयत्न कर्यो । परिणामे त्याने त्याज सौना हाथ उंचा करावी ए मतलबनो ठराव पसार करवामा आव्यो के सादडीना स्वधर्मी बन्धुओ साथे कन्या व्यवहार करवा निमित्त कोन्फरन्से जे भलामण करी छे ते तेओ सर्वने प्रसन्नता पूर्वक मंजूर छे। त्यारपछी ब्यावर, अजमेर वगेरे स्थलोए जई त्याना बन्धुओने सादडीना प्रश्न विषे रस लेता करवा, श्री झवेरचंद जादवजीए प्रवास कर्यो अने सौए साद-डीना स्वधर्मी बन्धुओप्रत्ये सहानुभूति प्रगट करी हती

पक्खी संवत्सरीनी एकता.

मुबई अधिवेशन पहेला मळेली जनरल कमीटीमा पक्खी सवत्सरी एकज दिने समस्त समाजमा पळाय तेवो प्रयत्न करवा कोन्फरन्स ओफी-सने सूचना करवामा आवी हती । अने श्रीमान् शेठ चन्दनमलजी मुथा (सतारा) ना मन्त्रीत्व नीचे जूदा जूदा प्रान्तोना नीचे अनुभवी दश आगेवानोनी एक कमीटी नीमवामा आवी हती । ओफीस तरफथी "जैन प्रकाश" द्वारा सवत्सरी पक्खीनी एकता माटेना लेखो प्रसिद्ध करी सतत आन्दोलन करवामा आव्युं हतुं । जुदा जुदा सप्रदायोनी टीपो मंगावी, मतभेद दूर करवाना आशयथी ते अंगे अग्रेसर व्यक्तिओ साथे पत्रव्य-वहार पण करवामा आव्यो हतो । एटलुज नहीं, परन्तु जूदा जूदा सप्र-दायोना आचार्यो तेमज आगेवान महाराजोनी सेवामा भाई झवेरचंद जाद-

सादडीनो प्रश्न

सादडीमां वसता आपणा स्वधर्मी बन्धुओ प्रत्ये त्यांना श्री मूर्तिपूजक भाईओ तरफथी जे अन्यायी वर्तन चलाववामां आवे छे, ते माटे मुम्बई अधिवेशनमां एक ठराव करवामां आव्यो हतो। आ ठराव श्री मूर्तिपूजक कोन्फरन्स उपर मोकली आपवामां आव्यो हतो अने तेनी साथे वस्तुस्थितिनुं वर्णन करता एक लांबो पत्र पण मोकलवामां आव्यो हतो जेना जवाबमां सहयोगी कोन्फरन्से जणाव्युं हतुं के "आ प्रस्ताव अमारी स्टेन्डिंग कमीटीनी बेठकमां रजू करीशुं, अने पछी आपने ते विषे जणावीशुं" केटला महिनाओ सुधी तेओ तरफथी आ बाबतना कशो जवाब न मळवाथी फरी पत्र लखी याद अपावी हती जेनी पहोंच मळी हती अने प्रत्युत्तर माटे राह देखवानुं सूचन थयुं हतुं। त्यारबाद पण ते विषे तेओ तरफथी कशी प्रवृत्ति थयानुं जणाववामां आव्युं नथी तेमज प्रत्युत्तर पण मळवा पाम्यो नहि। त्यारपछी सहयोगी कोन्फरन्सना जुन्नेर अधिवेशन वखते ओफीस मेनेजर श्री बाबालालने जुन्नेर मोकलवामां आव्या हता अने अधिवेशनना प्रमुख शेठ रवजी सोजपालने मारवाडी प्रश्ननी विगतो आपी। आ विषे घटतुं करवा आग्रह करवामां आव्यो हतो। परन्तु तेनुं परिणाम पण शून्यमांज आव्युं हतुं।

मारवाडी प्रश्न अंगे बीजुं रचनात्मक कार्य ए हतुं के मारवाड, मेवाड तथा मालवाना स्थानकवासी भाईओने, सादडीना स्वधर्म रक्षा अंगे मुशीबतोमां मुकायेला भाईओ साथे छुटथी कन्या व्यवहार करवानी उत्तेजना आपवी। आ कार्यमां अमल थाय ते हेतुथी श्री हरकचंद मारवाडी मोकलवामां आव्या हता आ प्रसंगे

पण्डित मुनिश्री चोथमलजी महाराज त्या बिराजमान हता । अने तेओ श्री पासे बे दीक्षाओ लेवानी हती । आ कारणने लईने मेवाड, मारवाडना सेकडो बन्धुओनी त्या उपस्थिति थवा पामी हती । आ बधा बन्धुओनी हाजरीमा सादडी प्रश्न रजू करवामा आव्यो। अने प्रसिद्धवक्ता मुनिश्री चोथमलजी महाराज साहेबे सुन्दर रीते तेनु समर्थन करी ते तरफ सौनुं ध्यान खेंचवानो सफळ प्रयत्न कर्यो । परिणामे त्याने त्याज सौना हाथ उचा करावी ए मतलबनो ठराव पसार करवामा आव्यो के सादडीना स्वधर्मी बन्धुओ साथे कन्या व्यवहार करवा निमित्त कोन्फरन्से जे भलामण करी छे ते नेओ सर्वने प्रसन्नता पूर्वक मंजूर छे । त्यारपछी ब्यावर, अजमेर वगेरे स्थलोए जई त्याना बन्धुओने सादडीना प्रश्न विषे रस लेता करवा, श्री झवेरचंद जादवजीए प्रवास कर्यो अने सौए साद-डीना स्वधर्मी बन्धुओप्रत्ये सहानुभूति प्रगट करी हती.

पक्खी संवत्सरीनी एकता.

मुंबई अधिवेशन पहेला मळेली जनरल कमीटीमा पक्खी सवत्सरी एकज दिने समस्त समाजमा पळाय तेवो प्रयत्न करवा कोन्फरन्स ओफी-सने सूचना करवामा आवी हती । अने श्रीमान् शेठ चन्दनमलजी मुथा (सतारा) ना मन्त्रीत्व नीचे जूदा जूदा प्रान्तोना नीचे अनुभवी दश आगेवानोनी एक कमीटी नीमवामा आवी हती । ओफीस तरफथी " जैन प्रकाश " द्वारा सवत्सरी पक्खीनी एकता माटेना लेखो प्रसिद्ध करी सतत आन्दोलन करवामा आव्युं हतु । जुदा जुदा सम्प्रदायोनी टीपो मंगावी, मतभेद दूर करवाना आशयथी ते अंगे अग्रेसर व्यक्तिओ साथे पत्रव्य-वहार पण करवामा आव्यो हतो । एटलुज नही, परन्तु जूदा जूदा संप्र-दायेना आचार्यो तेमज आगेवान महाराजोनी सेवामां भाई झवेरचंद जाद-

कर्मीने मेळवीने, एकता करवाना कोशिश करवामां आवी हती। लगभग घणा खरा मुनिराजोए तो उदारता बतावी हती। परंतु ज्यां सुधी पंचांग बनाववानी कोई योग्य पद्धतिनो निर्णय करवामां न आवे अने अनेक मतना प्रचलित लौकिक पंचांगमांथी कोने आधारमूल मानवुं ए विषे चोक्कस निश्चय करवामां न आवे त्यां सुधी सदाने माटे आ प्रश्नो उकेल लावी शकाय नहीं। आ कारणने कॉन्फरन्स ओफीस तरफथी मात्र १९८२-८३ वर्षनी सालनुं जैन पंचांग एक सरखुं बनाववानो यत्न करवामां आव्यो अने लोंकागच्छना स्व. पूज्य श्री सूरजचंदजी महाराज द्वारा तैयार थयेल टीपनी एक एक नकल संवत्सरी कमीटीना सभ्योने मोकलावी तेमनी सलाह मागवामां आवी हती। अने "जैन प्रकाश"मां ते प्रसिद्ध करी ते ऊपर चर्चापत्रो मागवामां आव्यां हतां। आ 'जैन प्रकाश' मां घणा चर्चापत्रो तथा लेखो प्रसिद्ध थया छे। परिणाम ए आव्युं के एक अपवाद बाद करतां समस्त गुजरात, कच्छ अने काठीयावाडमां एक सरखी टीप बनावी शकाई। पंजाब अने मारवाडमां तो जूदी जूदी तरेहनी सात टीपो प्रचलित हती। ए सर्वने एक सरखी बनाववानी कोशीश करी परन्तु तेमां सफळता मळी नहीं अने 'प्रकाश'मां जूदी जूदी सात टीपो प्रगट करवानी फरज पडी आ पछी मुंबई अधिवेशनमां आ विषे चर्चा करवामां आवी अने समस्त स्वधर्मी समाजमां संवत्सरीनो दिवस एक साथे उजवाय तेवो दिवस निष्पक्षपणे अने विचारपूर्वक नक्की करी प्रगट करवानी सत्ता सोंपी नीचेना चार सभ्योनी एक कमीटी नीमवामां आवी।

कमीटीना सभ्यो—

रा. चंदनमलजी मुथा सतारा

किशनलालजी मुथा अहमदनगर

शेठ ताराचंद वारीया, जामनगर.

,, देवीदास लक्ष्मीचंद वेवरीया, पोरबन्दर.

आ ठराव अनुसार संवत्सरी संबंधमा योग्य निर्णय करीने प्रगट करवा माटे समितिना सभ्यो साथे पत्रव्यवहार करवामा आव्यो हतो । अन्तमा समितिना चार सभ्योए एक मत थई निर्णय प्रसिद्ध कर्यो हतो जे आ नीचे आपवामा आवे छे ।

तिथि निर्णायक समितिका निर्णय.

गत अधिवेशन में समस्त स्थानकवासी समाजमें सवत्सरी पर्व एकही दिवस मनानेका प्रस्ताव पास हुआ था । उसको कोन्फरन्स के प्रेमी महानुभाव भूले न होंगे । उस प्रस्ताव का प्रचार एवं अमल करने के लिये निम्न लिखित हम चार महानुभावों की एक कमीटीभी नियतकी गई थी । इस कमीटीको इस सबन्धी रिपोर्ट इससे पहिले ही प्रकाशित कर देनी चाहियेथी. परन्तु चातुर्मास के व्यतीत हो जाने के कारण प्रसिद्ध २ मुनिमहाराजोंके साथ इस प्रश्न के विषय में कुछभी विचार नहीं हो सका और कमीटीके चारों सभ्य किसी एक स्थानपर न मिलने के कारण, यह कमीटी कुछभी निर्णय नहीं कर सकी ।

प्रस्तुत तिथी निर्णायक सरीखे जटिल एवं विवादास्पद प्रश्नका एकदम निराकरण करदेना बडा कठिन है और हम अपने स्वकीय अनुभवसे कह सकते हैं कि जब तक मुनिमहाराज इस विषय में संपूर्ण सहकार नहीं करेंगे तबतक इस प्रश्नका किसीभी प्रकारका निर्णय होना अशक्य ही है । इस लिये इस प्रश्नको इस वर्ष स्थगित रखकर आगामी चार्तुमास में ही विद्वान मुनिवरों के साथ चर्चा एवं उहापोह करने के बाद ही इस प्रश्नका निर्णय करना

हम लोग उचित समझते हैं। आगामी वर्ष के लिये इस प्रश्नको स्थगीत रखने का दूसरा कारण यह भी है कि इस वर्ष प्रायःसभी सम्प्रदायों की टीपें प्रकाशित हो चुकी हैं। तीसरा कारण यह है कि इस वर्ष गुजरात एवं काठीयावाड में बुधवार की संवत्सरी है और मारवाड में गुरुवारकी। इस प्रकार तमाम मारवाड एवं गुजरात काठीयावाड की संवत्सरीमें एक दिन का फेर पडेगा। इस परिस्थितिमें यदि कान्फरन्स अपना एक तीसरा मत और प्रगट करे तो लाभकी अपेक्षा हानि हो जानेकी विशेष सम्भावना है। इस लिये इस प्रश्नको आगामी चातुर्मास तक स्थगीत रखनेका यह कमीटी निर्णय करती है।

१ चन्दनमल मुथा २ तासचंद रायचंद
३ किसनदास माणकचंद मुथा
४ देवीदास लक्ष्मीचंद घेवरीया
(तिथि निर्णायक समिति के सभ्य.)

आथी श्रावकनी शाकजनक अवसाने मद्रत खेद प्रदर्शीत करवा मुंबईनी जे जाहेर संस्थाओ तरफथी एक जाहेर सभा भरवामां आवी हती तेमां कोन्फरन्सनी सभेलगीरि करवामां आवी हती। ब्रह्मचारी शीतल-प्रसादनुं एक जाहेर भाषण हीराबागना होलमां ता० १९–१२–२८ ना दिने गोठववामां आव्युं हतुं।

कोन्फरन्स अधिवेशन

बीकानेर अधिवेशन पछी त्रण वर्ष सुधी कोन्फरन्स अधिवेशन माटे क्यांयथी निमन्त्रण न मळवाथी त्रीजुं वर्ष पूरुं थवाने टांकणे बिकानेर अधिवेशनना ठराव अनुसार कोन्फरन्सना मर्चे अधिवेशन भरवानी चर्चा प्रकरणमां शरु थई हती। अने प्रमुख श्रीमान छगन

गोकलचदजी साहेबे पण अधिवेशन भरवानोज विचार दर्शाव्यो हतो जे उपरथी अधिवेशन भरवा बाबत जनरल सेक्रेटरीओनी सलाह लेवामा आवी हती । जनरल सेक्रेटरीओ तरफथी एवी सलाह मलवा पामी हती के आम तुरत तत्कालिन सजोगो जोता जडपी अधिवेशन भरी नाखवा करता प्रथम जनरल कमीटी बोलावी विचार करवो घटे छे । अने ते पहला एक संवत्सरी माटे पजाब डेप्युटेशन मोकली तेनो निर्णय करावी लेवो घटे छे ।

त्यारबाद डेप्युटेशन मोकलवा प्रयत्न थयो हतो, पण केटलाक कारणोने लईने डेप्युटेशन पंजाब जई शक्युं नही एटले जनरल कमिटी बोलाववामा आवी हती ।

आ जनरल कमीटीना ठराव अनुसार एक डेप्युटेशन १९३१ ना एप्रील मासमा पजाबना वयोवृद्ध पूज्यश्री सोहनलालजी महाराज पासे कोन्फरन्सनी टीपनी मजुरी माटे विनंति करवा गयेल । पूज्यश्रीए डेप्युटेशननी मागणीने ध्यानमा लई टीपनी मंजूरी आपी समग्र हिंदुस्थानना स्थानकवासी जैनोमा आनद आनंद वर्ताव्यो ।

डेप्युटेशननी अरजना जवाबमा पूज्यश्रीए दर्शावेल संमति अने विचारो तेमज कोन्फरन्स टीप उपर अमल करी पजाबना पत्री झगडानु अत्यन्त उदारतापूर्वक तेओश्रीए लावेलु छेवट ए सर्व परिस्थितिनुं डेप्युटेशने कोन्फरन्सना सेक्रेटरीने लखी जणावेल नीचेना पत्रमा विवरण करवामा आव्यु छे ।

श्रीमान् रेसीडेन्ट जनरल सेक्रेटरी

श्री श्वे० स्थानकवासी जैन कोन्फरन्स ऑफिस बंबई

जय जिनेन्द्र !

निवेदन है कि कोन्फरन्सकी जनरल कमिटीके प्रस्ताव नंबर ११ ता० २९-६-१९२९ के अनुसार हम डेप्युटेशनके निम्नलिखित समासद ता० ७-८-९ अप्रैल १९३१ को अमृतसरमें कोन्फरन्स द्वारा प्रकाशित टीपको स्वीकार करानेके अभिप्रायसे श्री श्री श्री १ ०८ श्री पूज्य सोहनलालजी महाराजकी सेवामें उपस्थित हुए और स्थानीय सद्गृहस्थो और अन्य स्थानोंके उपस्थित गृहस्थोंकी उपस्थितिमें श्रीजीकी सेवामें यथायोग्य नम्रतापूर्वक विनंति की कि प्राय दूसरी सब सम्प्रदायोंने समाज ऐक्यता और हितके विचारसे प्रेरित होकर कोन्फरन्सकी टीपको स्वीकार कर लिया है। एवम् आप भी स्वीकार कर संघको कृतार्थ करें जिससे सर्व भारतवर्षके श्री संघमें ऐक्यता होकर श्री जैनधर्मका प्रभाव बढे।

उत्तरमें श्रीमान्जीने अत्यन्त दीर्घदर्शी और उदारतासे फरमाया कि यदि कोन्फरेन्स द्वारा प्रकाशित टीपमें शास्त्रानुसार कईएक बातें विचारणीय और संशोधणीय हैं तोभी श्रीसंघकी ऐक्यताके विचारसे हम अपनी संप्रदायको इस टीपके अनुसार कार्य करनेकी आज्ञा देते हैं। लेकिन कोन्फरन्सका यह फर्ज होगा कि अपने ठहराव नम्बर १० के अनुसार टीपको शास्त्रानुसार बनानेके लिये और श्रद्धा प्ररूपणा साधु समाचारी विगैरह के सम्बन्धमें विचार करनेके लिये साधु सम्मेलन किसी ऐसे स्थानपर जहां पंजाबके साधु भी सुगमतासे पहुंच सकें शीघ्र करनेका प्रबंध करें। ताकि इन विषयोंके बारेमें शास्त्रानुसार निर्णय

हो जावे और कोन्फरन्सकी मौजूदा टीपकी अवधि समात होनेसे पहिले भाविष्यके लिये नई टीप बन सके। उस समेलनमें हमारी तैयार की हुई जैन ज्योतिष तिथि पत्रिका, कोन्फरेन्सकी टीप, और दूसरी भी किसी तिथि पत्रिका पर, जो वहा पेश की जाय विचार होकर जो टीप आवश्यक सशोधन उपरान्त सम्मेलनकी सम्मतिमें उचित प्रतीत हो उसपर और अन्य स्वीकृत विपयोंपर सर्व सम्प्रदायोंसे कान्फरेन्स अमल दरामह करावे लेकिन अगर एक सालके अन्दर कोन्फरेन्सकी ओरसे समेलन सम्बन्धी प्रयत्न न किया जाय तो हम एक सालके वाद टीपको पालन करनेके पाबद नहीं होंगे।"

हम डेप्युटेशनके सभासदोंकी सम्मतिमें पूज्यश्रीका यह फरमान अति उत्तम है और हमने पुज्यश्रीको विश्वास दिलाया है कि इस सम्बन्धमें हम आपसे सहमत हैं।

अब हम कोन्फरेन्स आग्रह पूर्वक अनुरोध करते हैं कि इस कार्यकी पूर्ति करनेके लिये पूर्ण प्रयत्नसे कार्य आरंभ किया जाय ताकि मौजूदा टीपकी अवधि समान होनेके पहिले ही प्रत्येक बातका निर्णय होजावे।

तारीख ९-४-१९३१।

मेम्बर डेप्युटेशन।

दा०	गोकलचंदजी	(दिल्ली)
,,	वर्धमाणजी	(रतलाम)
,,	अचलसिंहजी	(आगरा)
,,	केशरीमल चोरडीया	(जैपुर)
,,	भंडारी धुलचंदजी	(रतलाम)

दा० लाला टेकचंदजी (जंडीयाला)
,, हीरालाल लाचरोदवाला

अमृतसर श्रीसंघके सदस्योंकी सही।

रतनचदजी	जैन	अमृतसर
हरजसरायजी	,,	,,
वसन्तामलजी	,,	,,
मुन्नीलालजी	,,	,,
हंसराजजी	,,	,,
दीवानचंदजी	,,	सीआलकोट
श्रीमोहननाथजी	,,	कपुरथला
प्यारेलालजी	,,	मजीठा
पन्नालालजी	पट्टी	लाहोर
मुन्शीरामजी	जैन	,,
मुल्खरामजी	,,	गुजरानवाला
बीशनदासजी	,,	अमृतसर
नथुमलजी	,,	,,
भगवानदासजी	जैन	अमृतसर
मल्लीरामजी	,,	,,
रुल्हारामजी	,,	,,
मुन्नालालजी	,,	,,
हंसराजजी	गाडीया	,,
बनारसीदासजी	जैन	,,
मुन्नीलालजी	,,	,,
लाला संतरामजी	,,	,,
,, मस्तरामजी	,,	,,

उपर मुजब डेप्युटेशनना एक सवत्सरी–(टीप) ना प्रयत्नमा सफलता मल्या वाद समाजनी नाडने पूर्ण रीते तपासी पजाबना वयोवृद्ध पूज्यश्रीए साधुसमेलन भरवानो सिंहनाद कर्यो । आथी कॉन्फरन्सना कार्यकर्ताओनी जोखमदारी घणी वधी गई । श्रीसाधुसमेलन भरवानी वातो करवी ए एक सरल वात छे परतु ए अमलमा मूकाववी कंई सरल नथी । पजाबना डेप्युटेशनमा गयेला सभ्योना पत्र अनुसार साधुसमेलन भरवा माटे भरसक प्रयत्नो शुरु थया । आपणा बधा सप्रदायोना पूज्य मुनिवरो, प्रवर्तको मुख्य मुख्य मुनिराजोने रुबरु मली तमज पत्र द्वारा साधुसमेलन उपरना तेमना मननीय विचारो जाहेरमा मूक्या । साधुसमेलन भरवानो सौए खुब आग्रह तेमज उत्साह प्रेर्यो । आटली भूमिका तैयार थया बाद दिल्ही मुकामे भरायेल जनरल कमीटीए साधुसमेलन समिति निमी समेलननी दिशा मर्यादा तथा कार्य नक्की कर्या । आज कमीटीमा कॉन्फरन्सनुं अधिवेशन पण तुरतमा ज भरवा नक्की कर्युं । त्यारथी कॉन्फरन्स अधिवेशन अने श्रीसाधुसम्मेलन बाबत सर्वत्र प्रचार करवानुं कार्य शरु कर्युं । एटले के सम्मेलन अने अधिवेशन बन्नेनो विचार रचनात्मक कार्यमा परिणम्यो । प्रथम, अधिवेशन भरवु अत्यत जरुरी होई तुरतमाज अधिवेशन भरी लेवानो निश्चय कर्यो । अने ए अधिवेशनमा ज साधुसमेलननो सपूर्ण विचार करी स्थळ समय तेमज कार्यक्रम नक्की करवो । आ मुजब मत्रणा चालती हती । परतु भारत स्वातंत्र्यनुं युद्ध फरी शरु थयु । हजारो देशबाधवो जेलम्हेलमा सिधाव्या । देशभरमा दमननो राक्षसी कोरडो चोमेर फरी वल्यो । आवी परिस्थितिमा कोन्फरन्स अधिवेशन भरवु मुश्केल थई पडे ए स्वाभाविक हतुं परतु कदाच अधिवेशन भरवामा आवे तो पण परिणाम शून्यज आवे आटला माटे आ अरसामा अधिवेशन मुल्तवी राखवुं. पड्युं । कॉन्फरन्स अधिवेशन

